જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૧૧/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૨૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૭૫ લીટર દેશી દારૂ, ૨૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૮૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૦ બિયર ટીન ૦૧ સ્કુટર, ૦૧ લોડીંગ રિક્ષા અને ૦૨ ઓટોરિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૪૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૨૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૬૨૯/૨૦૨૫**

બોડકદેવઃ મહેશભાઇ કોદરભાઇ પટેલ (ઉ.વ.૫૦) (રહે. ગામ–સોનીપુરા મંદીર સામે તા–કપડવંજ જી–ખેડા) એ તા.૧૮/૧૧/૨૦૨૫ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૧/૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ઇગ્નીયોલ પ્રા.લી.કંપનીના માલીક વિશાલ બ્રહ્મભટ્ટ (રહે. મહેર હોમ્સ–૩, ક્લબ–૭ સામે સ્કાય સીટી રોડ શેલા બોપલ) એ સાયન્સ સીટી આઇ સ્ક્વેર કોર્પોરેટ પાર્ક પાંચમા માળ ખાતે મહેશભાઇ પટેલના ભત્રીજા નાઓને ઇગ્નીયોલ પ્રા.લી.કંપની તરફથી ફ્રાંસની કોલેજમા એડમીશન આપવાનુ કહી રૂપિયા ૮,૫૩,૧૧૦/– મેળવી લઈ મહેશભાઇ પટેલના ભત્રીજાનુ એડમીશન રદ થતા ભરેલ એડમીશન ફી ના રૂપિયા આજદીન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.ઝાલા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૬૩૦/૨૦૨૫**

દરીયાપુરઃ સઉદ અરશેગુલ યુસુફભાઇ ચુડીવાલા (રહે. મસ્જીદ ગલી કાલુપુર ટાવર પાસે કાલુપુર) એ તા.૧૮/૧૧/૨૦૨૫ ના રોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૧/૨૦૨૫ રાતના ૦૯/૦૦ થી તા.૧૭/૧૧/૨૦૨૫ કલાક ૦૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી તથા સોના–ચાંદીના દાગીના તથા ઇમીટેશન જ્વેલરી કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/–મળી કુલ રૂપિયા ૪,૨૫,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.સી.ચૌધરી ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૬૩૧/૨૦૨૫**

બોડકદેવઃ રાજપથ રંગોલી રોડ બોડકદેવ આઇકોનીક ૧૦૧૦ મલ્ટીશ્પેસ્ચાલીટી હોસ્પિટલ ખાતે જનરલ મેનેજમેન્ટ કરતા કર્મચારીએ તા.૧૮/૧૧/૨૦૨૫ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓગષ્ટ/૨૦૨૪ થી હોસ્પીટલ ખાતે ફાર્મશી ડીપાર્ટમેન્ટમા ફાર્મશીસ્ટ તરીકે કામ કરતા કોમલબહેન જીવરાજભાઇ શિયાળ (રહે. શાશ્વત એપાર્ટમેન્ટ ત્રીજો માળ સન સીટી સેક્ટર–૦૭ પાસે શેલા અમદાવાદ, મુળ વતન. ગામ–બસ સ્ટેન્ડ વિસ્તાર લોગંડી ભાવનગર) એ તા.૦૫/૦૫/૨૦૨૫ થી તા.૦૩/૧૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન મેડીશીન અલગ–અલગ દર્દીઓને વેચી તેના નાણાં રોકડમાં મેળવી લઈ હોસ્પીટલના સોફ્ટવેરમાં ઓનલાઇન પેમેન્ટ કરેલ હોય તેવું દર્શાવી કુલ રૂપિયા ૧૧,૮૧,૩૨૦/– ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પ્રો.પો.સ.ઈ.શ્રી પી.એ.પટેલ ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૬૩૨/૨૦૨૫**

નવરંગપુરાઃ સમીર જીતેન્દ્રભાઇ ભાવસાર (ઉ.વ.૩૦) (રહે. સૃષ્ટિ બાવીશ શ્યામવિલા–૨ નિકોલ) નાઓ તા.૧૮/૧૧/૨૦૨૫ કલાક ૧૦/૫૦ વાગ્યાના સુમારે સી.જી.રોડ ૨૭ દશાપોરવાડની વાડી જૈન મંદિરની બાજુમાં પેનલનું રીડીંગ કરતા હતા દરમ્યાન વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઈ કરમણભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી